# કવિતામાં તત્ત્વબોધ

અનુભૂતિઓની વ્યાપકતામાંથી ઉદ્‌ભવેલું અને એકત્વ પામેલું સંવેદન તે ‘તત્’, ‘તત્ત્વ’, કાવ્યાત્મક રીતિઓથી તે કવિતામાં રૂપાંતરિત થાય છે. આ વેદન ઇન્દ્રિયગમ્ય હોય અને તે ઇંદ્રિયાતીત પણ હોય; એક પ્રકારની દુર્બોધતા (ગૂઢતા પણ કહી શકીએ) એની સાથે સંકળાયેલી રહે, તો ક્યારેક Paradox, irony જેવી બૌદ્ધિક યુક્તિઓ દ્વારા પ્રકટ કરવામાં આવે. આમ ‘metaphysics’ – ‘તત્ત્વ’ સંજ્ઞાથી કશુંક થોડુંક બૌદ્ધિક એવું ધ્વનિત થાય છે. કવિનું સમ્યગ્દર્શન મોટે ભાગે અનુરૂપ ટૅક્‌નિક દ્વારા વસ્તુનિષ્ઠ (objective) રૂપ પામે છે. કવિતા અને તત્ત્વનું સાયુજ્ય Odour of a Rose – ગુલાબની સુગંધની અનુભૂતિ કરાવે છે. ક્યારેક વિશિષ્ટ અનુભૂતિની ‘trance’માં જેને આપણે ‘પરા’ વાણી કહીએ છીએ તે આવિષ્કૃત થાય. તેમાં કોઈ કલ્પન-અલંકાર ના હોય અને છતાં એ નર્યું કથન ઊંચી કવિતા હોય. સર્જક આનંદ, વિષાદ, પ્રેમ, માનવતા, માનવ-ગૌરવ કરતાં સંવેદનોને ગહનપણે અનુભવ-વિષય બનાવે છે અને કાવ્યકળાની કુશળતાથી શબ્દસ્થ કરે છે. કવિતામાં ઢળાયેલાં આ સંવેદનોનો બોધ ભાવક-ચિત્તમાં ઊપસે છે.

‘Metaphysics’ – તત્ત્વ-સંજ્ઞાની સાથે જોડાયેલી અંગ્રેજી કવિતાની થોડી વાત કરવી જોઈએ. ૧૭મી સદીના પૂર્વાર્ધમાં અંગ્રેજી સાહિત્યના કવિઓના એક સમૂહને ‘Metaphysical Poets’ તરીકે ઓળખવામાં આવે છે. આ કવિઓમાં અગ્રણી જ્હૉન ડન છે;

અન્ય કવિઓ જ્યૉર્જ હર્બર્ટ, એન્ડ્રુ માર્વેલ વગેરે છે. તેમણે તેમનાં કાવ્યોમાં પ્રેમ, મૃત્યુ, ક્ષણભંગુરતા, ધર્મ જેવા તાત્ત્વિક વિષયો લીધા છે. તેમની કાવ્યરીતિમાં conceit, irony, paradoxનો વિનિયોગ હોવાથી તેમાં બૌદ્ધિકતા અને સાથે દુર્બોધતા પ્રવેશે છે. તે સમયના કેટલાક સમીક્ષકોએ તેમને માટે પ્રયોજાયેલી આ mataphysical સંજ્ઞાને ભ્રામક ગણી છે. જ્હૉન ડ્રાયડને કવિ ડનની પ્રેમકવિતામાં પ્રયોજાયેલી વૈજ્ઞાનિક સંદર્ભોની ચતુરાઈને લક્ષ્ય બનાવી પહેલી વાર વ્યંગમાં metaphysical સંજ્ઞા આપેલી. પછીથી ડૉ. જ્હોનસન એ કવિઓની imageryની જટિલતાને (the most heterogeneous ideas are yoked by violence together – એમ કહેલું) કારણે ટીકારૂપે તેમને માટે metaphysical સંજ્ઞા પ્રસ્થાપિત કરે છે. લગભગ બે સદીઓ પછી ૨૦મી સદીના આરંભે કવિ ટી. એસ. ઍલિયટે તેમની આ ક્ષમતા (potentiality)ને કારણે જ તેમનો મહિમા કર્યો અને આધુનિકતાવાદી કવિતામાં આ કાવ્યરીતિનો સમાવેશ કરે છે. ડનના એક કાવ્યને તપાસીએ : કાવ્યનું શીર્ષક છે :

*'A Valediction : forbidding mourning'*

બે પ્રેમીઓ એકબીજાથી દૂર થયા છે, પણ શોક નથી કરવાનો. કવિએ કેવી રીતે તેઓ જોડાયેલા રહી એકત્વ પામે છે તેનું વિજ્ઞાનમાંથી કલ્પન લઈ આલેખન કર્યું છે; તેમાં વિચારનું ભાવગત આકલન થયું છે – (emotional apprehension of thought) કવિની સંયોજનશક્તિ પણ જોઈ શકાય છે :

*Our two souls therefore, which are one,*
*Though I must go, endure not yet*
*A breach, but an expansion,*
*Like gold to aery thinness beat,*

*If they be two, they are two so*
*As stiff twin compasses are two*
*Thy soul the fixed foot, makes no show*
*To move, but doth, if th' other do.*

કમ્પાસના બે પાયાને બે પ્રેમીઓ સાથે સરખાવી એમનાં પારલૌકિક ઐક્યના સાતત્યની ખાતરી કરાવે છે. કલ્પનને આખા વર્તુળની પ્રક્રિયા સુધી લઈ જાય છે – Thy firmness makes my circle just / and makes me end, where I began.

જ્હૉન ડન Holy Sonnetsમાં મૃત્યુ, સ્વર્ગ, નરક પરના ચિંતનને નિરૂપે છે. તેમનું ઘણું જાણીતું કાવ્ય Death be not proud મૃત્યુની આગવી મીમાંસા પ્રકટ કરે છે :

*One short sleep past, we wake eternally*
*And death shall be no more, Death, thou shalt die.*

ઍન્ડ્રુ માર્વેલ 'The Garden' કાવ્યમાં મહત્ત્વાકાંક્ષાઓ અને દુન્યવી બાબતોથી ઉન્મુખ થઈ શાતા/સમતાનો અનુભવ થાય છે તેને નિર્દેશે છે : ફૂલોની 'સમત્વ'ની હારમાળામાં ગૂંથણી થાય છે :

*... all flowers and all trees do close*
*To weave the garlands of Repose*

કાવ્યની ગતિ અંતર તરફની, ચૈતસિક સ્થિતિઓ તરફની છે –

બાહ્ય-દશ્ય જગતને નકારી – 'nothing' ગણી કવિ વિશ્વના રૂપાંતરિત સ્વરૂપને નિહાળે છે : 'green'માં સંકેત મળે છે :

*Annihilating all that's made*

*To a green thought in a green shade...*

કાવ્યને અંતે દિવ્ય પ્રેમભર્યો ચિંતનનો માર્ગ સૂચિત કરે છે.

વિશ્વદર્શનની વિભાવના અને તેમાં માનવચૈતન્યની ભૂમિકાથી પ્રેરિત દાન્તેની 'The Divine Comedy' એના વ્યાપક અર્થમાં 'metaphysical' છે. કવિ ડન દાન્તેની એ વિશાળ વ્યાપક દષ્ટિએ 'metaphysical' કહેવાય નહીં, પરંતુ ડનની તાત્ત્વિક વિદ્વત્તા અને મધ્યકાલીન ભૌતિક વિજ્ઞાનની તેમ જ મનોવૈજ્ઞાનિક કુતૂહલતાને કારણે તે 'metaphysical' સાથે ગાઢ અનુબંધ તો ધરાવે છે.

કવિ રવીન્દ્રનાથનાં કાવ્યોમાં પણ 'તત્ત્વ'નું સંવેદન અનેક સ્વરૂપે આવિષ્કૃત થયું છે. તત્ત્વચિંતક જીવાત્મા-પરમાત્મા વચ્ચેના

અનુબંધ દ્વારા તત્ત્વની વિચારણાનું નિરૂપણ કરે છે, અને એ વિશેની સંભાવનાઓને કોઈ પદ્ધતિથી (theory) મૂકી આપે છે. રવીન્દ્રનાથ એ અર્થમાં દાર્શનિક કે તત્ત્વચિંતક નથી. જીવનમાં 'પરમ'ને વિધવિધ રૂપે અનુભવતાં-અનુભવતાં તે તેની ઝાંખી પામે છે. કવિની આ શોધ ઘણી વહેલી શરૂ થઈ છે. એક વિશ્લેષકના શબ્દોમાં :

*"જીવાત્મા તીર્થયાત્રા આરંભ કરિયાછિલો 'સોનાર તરી'તે,*
*પૂજા કરિલો 'નૈવેદ્યે', પારે પોછિયાછિલો 'ખેયા'તે,*
*તાહાર પરે તીર્થરાજેર ચરણે સમર્પણ કરિલો 'ગીતાંજલિ',*
*એવં તાહાર કંઠે અર્પણ કરિલો 'ગીતિમાલ્ય',*
*'ગીતાલિ' તે પ્રિયમિલનેર સાર્થકતાર સવિસ્તર સૂરઈ પ્રધાન."*

અનુભૂતિના એક તબક્કે કવિએ આ 'પરમ'ને 'જીવનદેવતા' કહ્યો છે. કવિનો માર્ગ એમનો પોતાનો છે; એ માર્ગે ધરતી પર જ રહીને 'આનંદ'ની અનુભૂતિ કરવાની છે – 'અસંખ્ય બંધન માઝે મહાનન્દમય મુક્તિર સ્વાદ' પામવાની વાત છે. કવિ એક કાવ્યમાં અનુભૂતિને અદ્‌ભુત રીતે મૂકે છે :

*એકાધારે તુમિઈ આકાશ, તુમિ નીડ,*
*હે સુન્દર, નીડે તવ પ્રેમ સુનિબિડ...*
*પ્રતિ ક્ષણે નાના વર્ણે નાના ગન્ધે ગીતે*
*મુગ્ધ પ્રાણ વેષ્ટન કરે છે ચારિ ભિતે...*

કવિ ચૈતન્ય-સ્વરૂપ આકાશનો મહિમા કરે છે – તે અનંત અપાર છે, અને વળી એ જ પ્રેમ-ઉષ્માના પ્રતીક સ્વરૂપ 'નીડ' છે, ચારે તરફથી એનો ગાઢ પ્રેમ પ્રાણને ઘેરી વળે છે. ધરતી પર ઉષા ઊઘડે છે અને સંધ્યા ખેતરો પર લહેરાય છે, પણ વિસ્તરેલું આકાશ પ્રકાશની આભા માત્ર છે, તેને : 'વર્ણ નાઈ, ગંધ નાઈ - નાઈ નાઈ વાણી,' કાવ્યને અંતે આમ ઉપનિષદનો ઉદ્‌ઘોષ સંભળાય છે – યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ. – રસો વૈ સઃ – રસ દ્વારા એ તત્ત્વ અનુભવાય છે, જ્ઞાન કે વાણીથી નહીં. રસ તે આનંદમય ચિત્તની આસ્વાદન પ્રક્રિયા છે.

૧૯૦૧થી ૧૯૧૦નો સમયગાળો રવીન્દ્રનાથના જીવનમાં સ્વજનોનાં મૃત્યુની વ્યથાથી છવાયેલો છે. નાના દીકરા શમીન્દ્રનું

૧૯૦૭માં મૃત્યુ થાય છે ત્યારે કવિ ઊંડેથી હલી જાય છે, પણ ત્યારેય એક મિત્રને પત્રમાં લખે છે : 'હજી દુઃખો આવશે તે માથે ચઢાવીશ. હું હાર માનવાનો નથી.' અને કવિ એક કાવ્યમાં આપણી સમક્ષ મૃત્યુંજય રૂપે આવે છે :

*જીવને જત પૂજા હલો ના સારા*
*જાનિ હે જાનિ તાઓ હયનિ હારા*
*જે ફૂલ ના ફૂટિતે, ઝરેછે ધરણીતે*
*જે નદી મરુ પથે હારાલો ધારા*
*જાનિ હે જાનિ તાઓ હયનિ હારા...*

(જાણું છું કે જીવનમાં જેટલી પૂજા પૂરી ન થઈ તે પણ ખોવાઈ ગઈ નથી, જે ફૂલ ખીલ્યા વગર ધરતી પર ખરી પડ્યું છે, જે નદી રણમાં પોતાનો પ્રવાહ ખોઈ બેઠી છે તે પણ ખોવાઈ ગઈ નથી.)

મૃત્યુના દુઃખને અતિક્રમી, જીવનમાં હજુય ઘણું રહ્યું છે એવો આશાનો સૂર પ્રકટ કરે છે. આઘાતની પ્રતિક્રિયામાં જગતની કોઈ કટુતાનો કે નિઃસારતાનો બોધ નહીં, પણ વિધેયાત્મકતાનો બોધ છે. 'ભાષા ઓ છંદ' કાવ્યમાં સર્જનપ્રક્રિયા વિશે જે સંકેત કરે છે તે તેમનું જાણે આત્મકથન બને છે :

*અલૌકિક આનંદેર ભાર*
*વિધાતા જાહારે દેય, તાર વક્ષે વેદના અપાર*
*તાર નિત્ય જાગરણ, અગ્નિસમ દેવતાર દાન...*

વિધાતા સર્જકને રચનાનું વરદાન આપે છે, પણ એ દાન અગ્નિ સમાન છે; આનંદની પશ્ચાદ્ભૂમાં અદશ્ય વેદનાનું વિશ્વ રહેલું છે; કોઈ મહાસર્જકની પ્રતિભા જ તે જીરવી શકે. મહાન સર્જકો આમ જીવનમંથનમાંથી નીકળતા વિષનું પોતે પાન કરે છે અને જગતને તો અમૃતનું દાન કરે છે :

*જીવનમંથન વિષ નિજે કરિ પાન*
*અમૃત ઊઠે છિલો, કરિ ગેછો દાન.*

■

ગુજરાતી ભાષામાંથી અને કબીરમાંથી આ વિષયને સ્પર્શતી કાવ્યપંક્તિઓ રજૂ કરું છું. જુદે સમયે અથવા એક જ યુગમાં

એક વિષય વિશે કવિઓના ભિન્ન દૃષ્ટિકોણ હોઈ શકે તેમ જ અભિવ્યક્તિની જુદી-જુદી તરાહો હોઈ શકે; તેમ જ ભાષાનો વિનિયોગ કેવી રીતે થાય છે અને કાવ્ય સિદ્ધ થાય છે તે બતાવવા થોડી પંક્તિઓ અહીં સામેલ કરું છું.

*નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,*
*તે જ હું તે જ હું શબ્દ બોલે...*

■

*બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ, જો વળી*
*અચળ ઝળકે સદા અનળ દીવો...*

■

*અકળ અવિનાશી એ, નવ જાયે કવ્યો*
*અરધ-ઊરધની માંહે મહાલે...*

– નરસિંહ મહેતા

*વાત અલૌકિક અનુભવ તણી, પ્રપંચપારે રહેણ આપણી.*
*જ્યમ પંખીઓછાયો પડિયો જાળ પણ પોતે ઊડે નિલગ નિરાળ;*
*અખા જ્ઞાનીની એવી કલા, વર્ત્યા જાય તે ઉપરછલા.*

■

*જ્યમ કાચનું મંદિર રચ્યું નીલ પીત શુભ્ર શ્યામનું*
*તે ઉપર તપિયો સૂર જ્યારે, વિચિત્ર રૂપ થયું ધામનું.*

– અખો

*પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?*
*પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ?*

– સુંદરમ્

*વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;*
*માથે ધરું ધૂળ વસુન્ધરાની.*

– ઉમાશંકર જોશી

*અમે રે સૂકું રૂનું પૂમડું*

તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યોને તારેતારને
વીંધો અમને વ્હાલા, આરંપાર
આવો, રે આવો હો જીવણ, આમના.

– મકરંદ દવે

કાળની કેડીએ ઘડીક સંગ
રે ભાઈ, આપણો ઘડીક સંગ;
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ!

– નિરંજન ભગત

આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર;
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમોર
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?

– રાજેન્દ્ર શાહ

**કબીરવાણી :**

કબીર રેખ સિંદૂરકી કાજલ દિયા ન જાઈ
નૈન રમઈયા રમી રહા, દૂજા કહાઁ સમાઈ.

■

ના જાને તેરા સાહબ કૈસા હૈ,
મસજિદ ભીતર મુલ્લા પુકારે, ક્યા સાહિબ તેરા બહિરા હૈ?
ચિઉંટીકે પગ નેવર બાજે સો ભી સાહબ સુનતા હૈ!

■

લકડી જલી કોયલા ભઈ કોયલા જલ ભયો રાખ
મૈં પાપિન ઐસી જલી કોયલા ભઈ ન રાખ.

■

પઢિ પઢિ કે પત્થર ભયા, લિખિ લિખિ ભયા જુ ઈંટ
કહે કબીરા પ્રેમકી, લગી ન એકો છીંટ.
પોથી પઢિ પઢિ જગ મુઆ પંડિત ભયા ન કોઈ
ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોઈ.

■

*મેરા તેરા મનુઆ કૈસે એક હોઈ રે!*
*મૈં કહતા હોં આંખિન દેખી તૂ કહતા કાગદ કી લેખી*
*મૈં કહતા સુરઝાવનહારી તૂ રાખ્યો અરુઝાઈ રે.*

માનવીના આ ઉદાત્ત ભાવોનું કાવ્યાત્મક આલેખન ઊંડો પ્રભાવ પાડે છે. માનવ-ચૈતન્યનું ગૌરવ કરતો વિવેચનનો અભિગમ આમ તો પ્લેટોના સમયથી જોવા મળે છે. અલબત્ત, પ્લેટોએ પોતાના 'આદર્શ રાજ્ય'માંથી હદપાર કરેલા કવિઓને ઍરિસ્ટોટલે પોતાની સાહિત્યિક સિદ્ધાંતોની વિચારણા દ્વારા સ્થાપિત કર્યા હતા. અંગ્રેજી સાહિત્યમાં વાસ્તવમાં પુનરુત્થાનના સમયથી કાવ્યના અને વિવેચનના માનવકેન્દ્રી અભિગમને વિશેષે ધ્યાનમાં લેવામાં આવ્યો છે; કવિતાની સાર્થકતા સિદ્ધ કરવાની પણ જરૂર ઊભી થઈ છે; ૧૬મી સદીમાં સર ફિલિપ સિડની અને પછીથી પી. બી. શૅલીના કવિતા માટેનાં બચાવનામાં તેમના નિબંધોમાં આલેખાયાં છે. સામાન્યપણે કવિતાનો અને પછી વિવેચનનો હેતુ to instruct and to delight અથવા to instruct or to delight વ્યક્ત થતો રહ્યો છે. જોકે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં બે અભિગમોના – ઉપદેશાત્મક (didactic) કે જીવનલક્ષી અને 'કલા ખાતર કલા' (art for art's sake) કે (aesthetic) સૌંદર્યલક્ષી – આત્યંતિક ધોરણો સામસામે છેડે પહોંચી જાય છે. રસ્કિન didacticના પુરસ્કર્તા અને ઑસ્કર વાઇલ્ડ astheticના પુરસ્કર્તા રહ્યા છે. બંને અભિગમો વચ્ચે વિવાદના ઘણા સ્તરોનો વ્યાપ પથરાયેલો છે.

આ વાત કરવાનો મારો આશય કવિતામાંથી ઊપસતા તત્ત્વબોધના સંવેદનને સંદર્ભે સ્પષ્ટ કરવાનો છે. તત્ત્વબોધ સીધો ઉપદેશાત્મકતા (didacticism) સાથે સંબંધિત નથી અને તેમાં ધાર્મિકતા કે સાંપ્રદાયિક્તાનું તત્ત્વ પણ સંકળાયેલું નથી; તો બીજી તરફ ગૂઢ વિજ્ઞાન (esoteric-deeply mystical occult) પણ તેની સાથે સીધું સંલગ્ન નથી. આ 'બે'ની વચ્ચે ક્યાંક metaphysics તત્ત્વબોધને મૂકવામાં આવે છે. મૂલ્ય સ્થાપવાનું કે મૂલ્ય આધારિત સારા-નરસાને પ્રમાણવાનું, એટલે કે નીતિસાપેક્ષ હોવાનું પણ લક્ષ્ય નથી. તે તો

માનવીય પ્રતિભાનો મહિમા કરવા માટે છે. સાહિત્યકૃતિ જીવનની અંતર્ગત રહેલા કોઈ ગહન અર્થસંવેદનને ઉઘાડે છે અને વિવેચન પણ એ તત્ત્વનું મૂલ્યાંકન કરે છે (કદાચ મૅથ્યુ આર્નોલ્ડનો અભિગમ 'literature is a criticism of life' થોડે અંશે અહીં જોડી શકીએ). પ્રશ્નો ત્યારે ઊભા થાય છે જ્યારે ઉપદેશને કે નીતિને કે જીવનમૂલ્યને જ પ્રાધાન્ય આપવાની અથવા સ્થાપિત કરવાની વાત આવે છે, કારણ કે મૂલ્ય વિશેનાં વ્યક્તિગત ધોરણો ભિન્ન-ભિન્ન રહેવાનાં છે; વળી યુગબોધ અને સમાજના પરિવર્તનને કારણે પણ મૂલ્યો પરિવર્તિત થતાં રહેવાનાં છે. કૃતિની સાહિત્યિક્તા (literariness) વિશે પણ આવા સંજોગોમાં ગૂંચવણો પેદા થાય છે. ઉપરાંત કૃતિનાં મૂલ્યાંકનમાં ઔચિત્યનો વિચાર પણ અનિવાર્ય બને છે. ઊતરતી કક્ષાની કૃતિને માત્ર મૂલ્યને આધારે ઊંચી સમજી રસાનુભૂતિની ચર્ચા થાય ત્યારે રસબોધ અનુચિત લાગે છે (સાર્થક કલાકૃતિના આસ્વાદ વિશે સાર્વજનીનતાનો જોકે એક અ-કથ અંશ પડેલો હોય છે. બધે તે સ્વીકારાતો ના હોય, સાબિત કરી શકાતો ના હોય અને છતાં તેના અસ્તિત્વને – હોવાપણાને – અવગણી તો શકાતું નથી). આ વિવરણ સંદર્ભે Religion and Literature નામના નિબંધમાંનું કવિ ટી. એસ. ઍલિયટનું નિરીક્ષણ ઉદ્ધૃત કરવાનું પ્રસ્તુત લાગે છે :

> *"The greatness of literature cannot be determined solely by literary standards; though we must remember that whether it is literature or not can be determined only by literary standards."*

■

અંગ્રેજી ભાષાના રોમૅન્ટિક આંદોલનના કવિઓ સૌંદર્યરાગના મિજાજથી સ્પંદિત હતા, તેમ છતાં લગભગ દરેકના કાવ્યસર્જનમાં કોઈક ગંભીર તાત્પર્યતત્ત્વ, કોઈક વ્યક્તિવાદી વિશેષ ચિંતન અંતર્નિહિત છે. વર્ડ્ઝવર્થ પ્રકૃતિનો પૂજારી છે, કૉલરિજ આધિભૌતિકનો ઉપાસક છે, બાયરન સ્વાતંત્ર્યનો ચાહક છે, શૅલી પ્રેમવિભાવનાનો વિશિષ્ટ દાર્શનિક છે, તો કીટ્સ સૌંદર્યનો મર્મી છે. વર્ડ્ઝવર્થની વાત કરીએ તો તે કુદરત સાથે પૂર્ણ તાદાત્મ્ય અનુભવી બોલી ઊઠે છે :

*To me the meanest flower that blows can give*
*Thoughts that do often lie too deep for tears...*

કવિ કુદરતના દરેક પદાર્થમાં તાત્ત્વિક ઉન્મેષનો સંસ્પર્શ અનુભવે છે. પ્રકૃતિના અભિભૂત કરી દેતા પ્રભાવ હેઠળ કવિ 'hearing oftentimes / The still, sad music of humanity.' 'ટિન્ટર્ન એબી' શીર્ષક ધરાવતા કાવ્યમાં કુદરતમાં રહેલા ઇંદ્રિયાતીત તત્ત્વનું કવિને થતું દર્શન/અભિજ્ઞતા કેવી તો કાવ્યાત્મકતાથી આલેખાયું છે :

*And I have felt*
*A presence that disturbs me with the joy*
*Of elevated thoughts; a sense sublime*
*Of something far more deeply interfused.*
*Whose dwelling is the light of setting sun...*
*And the round ocean and the living air*
*And the blue sky and in the mind of man*

ઊર્જસ્વી તત્ત્વ (sublime)નો કવિને જાણે સાક્ષાત્કાર થાય છે.

કવિ કીટ્સની રમણીયતાની વિભાવના વિશ્વમાં વિલસી રહેલા અનંત સૌંદર્યતત્ત્વનો બોધ કરાવે છે. સાહિત્ય અને કલાઓના નિર્માણ અંતર્ગત રમણીયતા છે અને રમણીયતાના સંવેદનનો સંસ્પર્શ પામેલું સર્જન સત્યનો બોધ કરાવે છે, આનંદની ઉપલબ્ધિ બને છે. કવિના દીર્ઘકાવ્ય Endymionનો આરંભ જ થાય છે

*A thing of beauty is a joy for ever;*
*Its loveliness increases, it will never pass*
*Into nothingness.*

આ કવિ તો જીવનની બધી લાગણીઓમાં પેલા શાશ્વત અર્થસઘન 'સુંદર'ની સર્જકતાને નિહાળે છે :

*...they (passions) are all,*
*in their sublime creative of essential beauty.*

ગ્રીસના પાર્થેનોનમાંથી ઇંગ્લૅન્ડ મ્યુઝિયમમાં લાવેલા સુંદર Elgin

Marbles જોઈ કવિ હૃદયમાં ઉદ્‌ભવેલાં સંવેદનોનું જીવંત સ્મારક તે 'Ode on a Grecian Urn.' કુંભ પરનાં કલાત્મક દશ્યોની ચિરંતનતા સામે વાસ્તવિક જીવનની ક્ષણભંગુરતા દર્શાવી કવિ એક તરફ ઊંડી વેદના પ્રકટ કરે છે, પણ કુંભ પરનાં સુંદર શિલ્પ શાશ્વતીને પામ્યાં છે, ક્ષીણતા તેને સ્પર્શતી નથી એ કાવ્યનું હાર્દ છે. કવિ તો લલિતકલાની વધારે મહત્તા આંકતાં આગળ કહે છે :

*Heard melodies are sweet, but those unheard*
*Are sweeter, therefore, soft pipes, play on...*

કલાની paradox વહી જતી ક્ષણોને શાશ્વતી અર્પે છે, સૂરની પેલે પારના અનિર્વચનીય એવા પ્રાણતત્ત્વને સંભળાવવા 'play on...' એમ કહે છે. સુંદરતાની મર્મવેધકતા અન્ય કલાઓ સુધી વિસ્તરે છે. એ જ રીતે ઉદ્રેકભર્યા પ્રેમીને પણ કવિ કહે છે :

*She cannot fade though thou hast not thy bliss,*
*For ever wilt thou love and she be fair*

કાવ્યને અંતે આવે છે સુંદર અને સત્યનું સમીકરણ :

*Beauty is Truth, Truth beauty, that is all*
*Ye know on Earth and all you need to know :*

સૌંદર્યમૂલક અનુભૂતિ મનઃચક્ષુ સમક્ષ સત્યનાં દર્શનનો ઝબકાર ઉઘાડે છે, જીવનમાં ઊંડી શાતાને પ્રકટાવે છે.

*(સુન્દરેર પેયેછિ મધુર આશીર્વાદ. – રવીન્દ્રનાથ ટાગોર)*

કવિ ટી. એસ. ઍલિયટ 'The Waste Land'માં કલ્પનો, myth, કથાઘટકોનો વિનિયોગ કરી માનસિક – આધ્યાત્મિક મરુભૂમિનો આલેખ આપતાં અંતે ઉપનિષદના મંત્ર ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃથી કાવ્ય પૂરું કરે છે. પછીની રચના Four Quartetsમાં કાળ (Time) અને અનંતકાળ (Eternity), ઇતિહાસ અને સાંપ્રત, દૈવીતત્ત્વનું જીવનમાં (intervention) દરમિયાનગીરી જેવાં ચિંતન અને મીમાંસાયુક્ત વિષયો સાથે કામ પાડે છે. ચિંતનાત્મક કાવ્યો છે એમ કહીએ ત્યારે તેનાં ઉત્તરપદ 'કાવ્યો' પર વધારે ઝોક રહે

છે, કારણ કે કવિ ઍલિયટ કવિતામાં તત્ત્વને ગૂંથી રહ્યા છે, અહીં કશું સૈદ્ધાંતિક (doctrinal) નથી. કાવ્યના આરંભે (Burnt Norton વિભાગ) જ સમયબોધ આવે છે :

*Time present and time past*
*Are both perhaps present in time future...*
*And time future contained in time past...*

સમયની આ વિભાવનામાં ક્રમિકતાની વાત નથી, પણ અહીં અખિલાઈનો, શાશ્વતીનો, ઇંદ્રિયાતીતનો બોધ છે; બધી પરિસ્થિતિઓનો એક ક્ષણમાં જ બોધ થયો, ઝબકાર થયો – 'now', 'here', 'always'; તો બીજા વિભાગની (East Coker) આરંભની પંક્તિમાં –

*In my beginning is my end -*

અનંતકાળથી જન્મ, જરા, મૃત્યુની ઘટમાળનો – ageing processનો સંદર્ભ છે, પ્રવૃત્તિ તે માત્ર waiting :

*be still and wait without hope...*

ભવિષ્યના પૂર્ણતર મૂલ્યવિકાસની સંભાવના રૂપે વર્તમાન અસ્તિત્વની કંઈક ખંડિત સત્તાનું મૂલ્ય છે. માનવ સંવિત ક્ષણિક તરંગોથી તેમ જ શાશ્વત કાળની પ્રશાંતિથી ક્ષુબ્ધ છે. આ ક્ષણ અને મહાકાળનું સાયુજ્ય ચિંતનમાં તેમ જ કાવ્યાનુભૂતિમાં સ્થાન પામે છે :

*At the sill point of the turning world.*

-------------------------

*at the still point, there the dance is...*
*But neither arrest nor movement-*
*And do not call it fixity.*
*Where past and future are gathered.*

મહાકાળની ઉપલબ્ધિ, દૃષ્ટિ વર્તમાનકાળની અનુભૂતિને વિકૃત, ખંડિત કરતી નથી, પણ વ્યાપ્તિ આપે છે, અપૂર્ણમાં પૂર્ણતા ધરે છે,

કુત્સિતની અંદર સુંદરને જુએ છે, સર્જક/કલાકારની આ મૂળ પ્રેરણા છે. કાવ્યનું તાત્પર્ય રસિકચિત્તને કોઈ પરમતત્ત્વ તરફ લઈ જાય છે.

■

કવિતામાં તત્ત્વબોધની આવી રજૂઆત આધુનિક વિવેચનના કોઈ અભિગમ સાથે થોડું સામ્ય ધરાવતી હોય તો તે Phenomenology આધારિત The criticism of Consciousness – ચૈતન્યલક્ષી વિવેચનનો અભિગમ જણાયો છે. 'નવ્ય વિવેચન'માં કૃતિને મૂલવનારાં ધોરણો કૃતિમાંથી જ ઉદ્‌ભવે છે એમ દર્શાવાયું છે. આત્મચેતના કે કવિની ઉપસ્થિતિ આ અભિગમ અપ્રસ્તુત લેખે છે અને તે લગભગ વિજ્ઞાનની વસ્તુલક્ષી કોટિએ ગયેલો છે. આ રીતના મૂલ્યાંકનમાં મર્યાદાઓ દેખાતાં અન્ય વિચારધારાઓ ઉદ્‌ભવી. સર્જકને મહત્તા આપતી અને સહૃદય ભાવકના પ્રતિભાવોને ધ્યાનમાં લેતી જે વિવેચન વિચારણાઓ અસ્તિત્વમાં આવી તેમને existential, phenomenological, archetypal, thematic, mythical સંજ્ઞાઓથી ઓળખાવવામાં આવી છે. Phenomenological અભિગમમાં નિર્દેશ મળે છે કે બાહ્ય વિશ્વની અનુભૂતિને સર્જક રૂપાંતરિત કરી નવા ચૈતન્યનું નિર્માણ કરે છે અને તે ચૈતન્ય સ્વતઃ પર્યાપ્ત વિશ્વરૂપે પ્રકટે છે. તે ક્ષણે ઉદ્‌ભાસિત ચેતોવિશ્વની વિવેચક તપાસ કરે છે. તેમાં વિશિષ્ટ કોટિનું પ્રત્યક્ષ જ્ઞાન પામી શકાય એમ સૂચવાય છે. જિનિવા સ્કૂલના અગ્રણી જ્યૉર્જ પુલે phenomenoligical રીતિ દ્વારા ચૈતન્યમાં intentionality સ્વયં-ભૂતતા-નિહિત હોવાનું સંશોધિત કરે છે; આને તે The criticism of consciousness સંજ્ઞાથી ઓળખાવે છે, જેમાં ચેતના અંતર્ગત 'The hidden cogito' – અભિજ્ઞતાનું પ્રત્યક્ષીકરણ થાય છે; વિવેચક આ અભિજ્ઞતાને ભાવક સુધી પહોંચાડે છે; સર્જક-ભાવક વચ્ચે તાદાત્મ્ય સધાય છે (જ્યૉર્જ પુલે પછીથી તો આ શોધને phenomenology of Reading – વાચનપ્રક્રિયા, તેમ જ Reader-Responce Theory તરફ લઈ જાય છે.). ચૈતન્યલક્ષી વિવેચન તો રોમૅન્ટિક વલણ જ દાખવે છે, કારણ કે અહીં પણ સર્જકની દ્રષ્ટા તરીકેની પ્રતિભાને જીવંત કરાય છે. આપણે ઉપર તપાસેલાં કાવ્યોનાં ઉદાહરણોમાં

મોટે ભાગે સર્જકની પરંપરાગત ક્રાન્તદર્શિતા આવિષ્કૃત થતી જોઈ છે; વિવેચક એ અનુભૂતિને ફરી ચિત્તમાં સર્જી તેનો આસ્વાદ કરાવે છે. અભિગમનું સામ્ય સાંગોપાંગ તો હોતું નથી અને ઘણી વાર તો બે અભિગમોમાં કેટલીક લાક્ષણિકતાઓ, ધોરણોનું overlapping પણ જોવા મળે છે.

■

કવિતાનો સુનિર્દિષ્ટ અર્થ કે તત્ત્વબોધ હોય કે ન હોય, પણ કોઈ ગંભીર અર્થ વહન કરવાનું સામર્થ્ય કવિતામાં હોય છે. તે અર્થ ઘણી વાર સીધો જ ભાવકના હૃદયમાં પહોંચી જાય છે. માનવજીવન અને જગતના જ કોઈ અંતર્ગૂઢ સ્વરૂપનું તે પ્રકટીકરણ હોય છે. આ અનુભૂતિની અભિવ્યક્તિમાં કવિતાનું સાચું મૂલ્ય છે.

વીસમી સદીના આરંભના દાયકાઓમાં મૂલ્ય કે અર્થઘટન આધારિત વિવેચનને છોડી દેવામાં આવ્યું અને પછી કૃતિનિષ્ઠ અભિગમ, ભાષાવિજ્ઞાનની સહાયથી ઉદ્ભવેલા સંરચનાવાદ અને અનુસંરચનાવાદ (વિ-ઘટનવાદ), સંવાદપરકતા અને તેમાંથી છેલ્લે વિકસેલાં અનુ-આધુનિકતાવાદનાં વિવિધ રૂપો (pluralism) કૃતિનાં વિશ્લેષણોમાં પ્રયોજાતાં થયાં છે; તેમાં નવી દિશાઓ જરૂર ઊઘડી છે, અભ્યાસને લીધે નવો વિકાસ સધાય છે, પણ આ વસ્તુલક્ષિતાનાં આત્યંતિક વલણોને પરિણામે મૂલ્યાંકન લગભગ યાંત્રિક થતું જાય છે. કવિતાના જીવંત તત્ત્વ સમું માનવચૈતન્ય બાદ થતું ગયું છે (અનુ-આધુનિકતાવાદના pluralismમાં જોકે સંસ્કૃતિ સંદર્ભ - સમાજને આવકારવામાં આવ્યાં છે). આ સ્થિતિમાં વિવેચનમાં માનવની ચૈતન્ય દૃષ્ટિનો પ્રકાશ ઝિલાય અને રસઘન કલાસર્જનનું હાર્દ પમાય એ ઇચ્છવાયોગ્ય છે.[1]

---

*1 (આ લેખ તૈયાર કરવામાં જે સંદર્ભ સાહિત્યનો ઉપયોગ થયો છે તેમાં કાવ્યસંગ્રહો, વિવેચન નિબંધો, Princeton Encyclopedia of Poetry and Poetics, અબૂ સઈદ ઐયૂબના કેટલાક લેખો (અનુ. ન. પારેખ) વગેરે આવે છે.)*

*(ગુ.સા.પ.ના ૨૮મા અધિવેશન-ભુજ, ૨૦૧૫માં વિવેચનની બેઠકમાં આપેલું અધ્યક્ષીય પ્રવચન.)*